Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-4,March-2018

# આઝાદીની લડતમાં ગૂજરાત વિદ્યાપીઠનું યોગદાન

પ્રસ્તુત કર્તા
સંજયકુમાર જયંતિભાઈ પટેલ
આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, સરકારી વિનયન અને વાણિજય કોલેજ, સમી, તા-સમી, જિ-પાટણ, ગુજરાત

---

**સારાંશ:-**

ઈ.સ. ૧૯૧૫માં મહાત્મા ગાંધી હિન્દના રાજકીય અને રાષ્ટ્રીય મંચ ઉપર આવ્યા બાદ રાષ્ટ્રીય આઝાદીની લડત એક નવો જ વળાંક લીધો તેમણે એક સમયના બુદ્ધિજીવીઓની લડતની અદ્વિતીય એવી પ્રજાકીય લડતમાં પલટાવી દીધી. મહાત્મા ગાંધીએ વર્ગ વિગ્રહને નહીં પરંતુ વર્ગ-વર્ગ વચ્ચેના સમન્વયકારી વલણને અપનાવ્યું હતું આ જ કારણથી ઈ.સ.૧૯૧૫ થી ૧૯૪૭ દરમિયાન ગાંધીજીના નેતૃત્વ નીચે જે લડત નું સર્જન થયું તેને લોક લડત કે પ્રજાકીય લડત તરીકે ઓળખવામાં આવે છે. સમગ્ર ભારતના ઈતિહાસમાં મહાત્મા ગાંધીએ પહેલી વખત સામાજિક અને રાષ્ટ્રીય ઉત્થાનમાં ગામડાઓ અને ગ્રામજનોને મધ્યવર્તી સ્થાન આપ્યું. તેની સાથે-સાથે તેમણે નગરવાસીઓને પણ લોક લડતમાં સાંકળ્યા. આમ, ગાંધીયુગી લોક લડતમાં ઉદ્યોગપતિઓ તથા મિલો અને કારખાનાઓમાં કામ કરતા મજૂરો, જમીનદારો, નાના ખેડૂતો અને ખેત મજુરો ઉપરાંત મધ્યમવર્ગી બૌદ્ધિક, સ્ત્રીઓ-પુરુષો અને વિદ્યાર્થીઓને હેતુસર એવી રીતે સાંકળ્યા કે જેણે બ્રિટિશ સામ્રાજ્યવાદ સામે એક જબરજસ્ત અહિંસક ક્રાંતિનું સર્જન કર્યું. ગાંધીવાદી આંદોલનો વૈચારિક ભૂમિકા ધરાવનારા સુયોજિત અને અહિંસક હતા, તેની પાછળ વૈચારિક આદર્શો અને મૂલ્યો હતા. ગૂજરાત વિદ્યાપીઠ આ પ્રકારની લોક લડત અને મૂલ્યોના પરિણામ સ્વરૂપ હતી. "ગ્રાસ રૂટ વર્કસ" ગાંધીયુગની પેદાશ હતી. ગૂજરાત વિદ્યાપીઠ પણ ગાંધીજીની આ જ કાર્ય પદ્ધતિ અને નીતિમત્તામાંથી જન્મી હતી. ગૂજરાત વિદ્યાપીઠ અસહકારના આંદોલનમાંથી જન્મી હતી અને ગાંધીજીની અસહકારનાં અને સવિનય કાનુનભંગના તમામ આંદોલનો તેમની સત્યાગ્રહની ફિલસૂફીમાંથી જન્મ્યા હતા. ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિઓ કોઈ વ્યક્તિ કે વ્યક્તિ સમૂહના કલ્યાણના આધારે નહીં પણ સમગ્ર સમાજની આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પ્રગતિને આધારે ઘડાઈ હતી. ઈ.સ.૧૯૨૦માં સ્થપાયેલી ગૂજરાત વિદ્યાપીઠ ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિઓના સીધા પરિણામરૂપ હતી. ગૂજરાત વિદ્યાપીઠની જે સંજોગોમાં અને જે રીતે સ્થાપના થઈ તે જોતાં ગાંધીજીની કેળવણી વિષયક ફિલસૂફીની ચર્ચા ઘણી મહત્વની બની રહે છે. ગાંધીવાદી સર્વોદયની વિચારસરણી ગૂજરાત વિદ્યાપીઠની તમામ પ્રવૃતિઓ પાછળ આધારરૂપ હતી. તેમાં તેમણે માતૃભાષા દ્વારા ચારિત્ર્ય ઘડતરની વાત કરી, ઉદ્યોગોના મહત્વનો વિચાર

ગૂજરાત વિદ્યાપીઠના ધ્યેયો એ રાષ્ટ્રીય કેળવણીના ધ્યેયો હતાં અને ગાંધીજીના દર્શાવેલા હતા. ગાંધીજીની રાષ્ટ્રીય કેળવણીના મુખ્ય અંગોમાં રેંટિયા પ્રવૃત્તિ અને ખાદી પ્રચાર, અસ્પૃશ્યતા નિવારણ, અહિંસા, અસહકાર, સ્વભાષાનું મહત્વ અને ઔદ્યોગિક શિક્ષણ વગેરે હતા.[1] ગૂજરાત વિદ્યાપીઠની જ્યારે સ્થાપના થઇ હતી તે સમયે ભારતની આઝાદીની લડત એક નિર્ણાયક તબક્કાને આરે આવી ગઈ હતી. ગૂજરાત વિદ્યાપીઠે સ્વરાજની લડત માટે પોતાનો મૂલ્યવાન ફાળો આપ્યો હતો. આ સંસ્થાએ સ્વરાજના સૈનિકો તૈયાર કરવાનું મુખ્ય ધ્યેય અપનાવ્યું હતું , અને તેમાં એકંદરે સફળતા પણ મળી હતી. મહાત્મા ગાંધીના હિંદમાં આગમન બાદ તેમણે સમગ્ર દેશમાં એક ક્રાંતિકારી યુગપલટો સર્જ્યો અને ગૂજરાત વિદ્યાપીઠની શરૂઆત પણ તેમણે કરી હતી, અને કાળક્રમે અનેક ચડતી-પડતીઓ વચ્ચે વિકાસ પામી હતી. આ સંસ્થાએ ગાંધીજીના મૂલ્યોનું યોગ્ય રીતે જતન કર્યું અને તેમની વિચારધારાને આત્મસાત કરી આ શિક્ષણ ધામનો ઉદ્ભવતો ગાંધીવાદી વિચારણી અને લડતમાંથી ઉત્પન્ન થઈ પરંતુ આઝાદીની લડતમાં આ સંસ્થાએ શું યોગદાન આપ્યું હતું.[2] તેના સ્વરૂપને સમજવા પ્રસ્તુત શોધપત્ર તૈયાર કર્યું છે આઝાદીની લડતમાં ગૂજરાત વિદ્યાપીઠનું પ્રદાન કેટલું એ વિગતવાર જોઈએ.

**પ્રસ્તાવના:-**

ગૂજરાત વિદ્યાપીઠ બહુમુખી પ્રતિભા ધરાવતી હતી. તે પૂજ્ય બાપુના સીધા માર્ગદર્શન નીચે ચાલતી હતી. વિદ્યાપીઠની ખૂબી એ હતી કે આઝાદીની લડત જ્યારે ચાલતી ન હોય ત્યારે તે રચનાત્મક કાર્યોમાં પ્રવૃત્ત રહેતી. નાગપુર ઝંડા સત્યાગ્રહ ઈ.સ.૧૯૨૨, બોરસદ સત્યાગ્રહ ઈ.સ.૧૯૨૪, સાયમન કમિશનની ઘટના ઈ.સ.૧૯૨૭-૨૮, બારડોલી સત્યાગ્રહ ઈ.સ.૧૯૨૮, સવિનય કાનૂનભંગની ચળવળ ઈ.સ.૧૯૩૦-૩૨ અને હિંદ છોડો ઈ.સ.૧૯૪૨ જેવા લોક લડતના જુવાળો શરૂ થાય ત્યારે વિદ્યાપીઠની સંખ્યા જૂજ હોવા છતાં તે તેમાં મોખરાનું સ્થાન લેતી ગાંધીજીએ વિદ્યાપીઠને અનેક કાર્યક્રમો આપીને તેની પાસે એક સંસ્થા તરીકે કામ લીધું હતું, બીજી તરફ અધ્યાપક કે સ્નાતક તરીકે વિદ્યાપીઠ સાથે જોડાયેલી વ્યક્તિઓએ પણ એક યા બીજા સ્વરૂપમાં આઝાદીની લડત દરમિયાન મહત્વની ભૂમિકા અદા કરી હતી. આ દૃષ્ટિને લક્ષમાં રાખીને આઝાદીની લડતમાં ગૂજરાત વિદ્યાપીઠનું યોગદાન વિશે અહીં ચર્ચા કરીશું.

**લોક લડતનાં વિદ્યાપીઠના અધ્યાપકો અને વિદ્યાર્થી:-**

ગૂજરાત વિદ્યાપીઠને શરૂઆતથી જ સારું નેતૃત્વ પ્રાપ્ત થયું હતું ઉદાહરણ તરીકે તેના પ્રથમ ત્રણ આચાર્યો ગીદવાણી, કૃપલાણી અને કાકાસાહેબ કાલેલકર પ્રખર રાષ્ટ્રભક્ત હતા. તદ્ઉપરાંત ગૂજરાત વિદ્યાપીઠની કારોબારી સમિતિમાં (ઇસ.૧૯૨૦) સામેલ થયા હતા તેમાં એક શ્રી ગિરિજાશંકર બધેકા (ગીજુભાઈ) શ્રી રામનારાયણ પાઠક, દયાળજી દેસાઈ, કલ્યાણજી મહેતા, અંબાલાલ પુરાણી, ચંદુલાલ દવે, કાકાસાહેબ કાલેલકર, શંકરલાલ બેંકર, કિશોરલાલ મશરૂવાળા અને ઇન્દુલાલ યાજ્ઞિક.[3] ઈ.સ.૧૯૨૮માં જ્યારે ગૂજરાત વિદ્યાપીઠનું નવું બંધારણ અસ્તિત્વમાં આવ્યું, ત્યારે આ તમામ વ્યક્તિઓ 'વિદ્યાપીઠ મંડળ'માં સામેલ થઈ હતી જેમાં વલ્લભભાઈ પટેલ, નૃસિંહપ્રસાદ ભટ્ટ, કાકાસાહેબ કાલેલકર, શંકરલાલ બેંકર, મહાદેવભાઈ દેસાઈ, ઇમામ અબ્દુલ કદર બાવઝિર, કિશોરલાલ મશરૂવાળા, નરહરિ પરીખ, હરિપ્રસાદ દેસાઈ, જુગતરામ દવે

પરીક્ષિતલાલ મજમુદાર, મામા સાહેબ ફડકે, મણીબેન પટેલ[4] આ તમામ લોકોનો પ્રભાવ વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ ઉપર પડે તે સ્વાભાવિક હતું. વિદ્યાપીઠે જે અનેક સ્નાતકો ઉત્પન્ન કર્યા તેમાંથી નીચેના વિદ્યાર્થીઓ તેમની રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓ માટે જાણીતા હતા.[5] ગૂજરાત વિદ્યાપીઠના આ તેજસ્વી સ્નાતકોમાં બળવંતરાય મહેતા, મગનભાઈ દેસાઈ, ડાહ્યાભાઈ નાયક, વિઠ્ઠલદાસ કોઠારી, પરીક્ષિતલાલ મજમુદાર, ખંડુભાઈ દેસાઈ, નિર્મળાબેન દેસાઈ, સુમિત્રા કાનૂનગા, મણીબેન પટેલ, ગોરધનદાસ ચોખાવાલા, ઇન્દુમતીબેન શેઠ, સ્નેહરશ્મિ, જેઠાલાલ ગાંધી, ત્રિભુવનદાસ લુહાર, ભોગીલાલ ગાંધી, દિનકર મહેતા આ તમામ આજે પણ ઈતિહાસમાં પોતાનું સ્થાન દર્શાવે છે. આ વસ્તુસ્થિતિ સ્પષ્ટપણે દર્શાવે છે કે બ્રિટિશ હકૂમત સામેની હિંદની લોક લડત દરમિયાન વિદ્યાપીઠે, તેના અધ્યાપકોએ, તેમજ સ્નાતકોએ અગ્રગણ્ય ભાગ ભજવ્યો હતો. તેના પ્રત્યક્ષ ઉદાહરણ તરીકે અહીં વિદ્યાપીઠના ત્રણ સ્નાતકોના સંસ્મરણો ટાંકીશું કે જેથી તે સમયની પરિસ્થિતિ અને પ્રશ્નોનું આદર્શ ચિત્ર આપણે નિહાળી શકીએ શ્રી ઝીણાભાઈ દેસાઈ સ્નેહરશ્મિ એ નોંધ્યું છે, કે-" વિદ્યાપીઠમાં મુક્ત વાતાવરણ હતું, પણ તે સાથે શિસ્તની પણ બહુ કાળજીથી જાળવણી થતી. નાગપુરમાં શ્રી જમનાલાલ બજાજના અને તેમની ગિરફ્તારી પછી વલ્લભભાઈના નેતૃત્વ હેઠળ ઝંડા સત્યાગ્રહની લડત ઉપાડવામાં આવી હતી. એ લડતમાં ભાગ લેવા ઠેરઠેરથી સત્યાગ્રહી સ્વયંસેવકોનો પ્રવાહ વહેવા માંડ્યો. વિદ્યાપીઠમાં પણ તેની ઉત્તેજના વ્યાપી અને સત્યાગ્રહ માટે એક ટુકડી તૈયાર થઈ એને વિદાય આપવાનો એક સમારંભ ગોઠવવામાં આવ્યો" વધુમાં તેઓ જણાવે છે કે "અસહકારની લડત દરમ્યાન કોઈપણ શાળા પાઠશાળા કે યુનિવર્સિટીમાં કોઈ ભાંગફોડ કે અંધાધૂધી થવાનું બન્યું ન હતું. તે આજના આ શિક્ષણ જગતની ભયંકર અનાવસ્થા જોતા નવાઈ પમાડે તેવું નથી"?[6] વ્યવહાર ગેરશિસ્ત ભર્યો નથી નાગપુર જનાર વિદ્યાર્થીઓમાંથી એકે કહ્યું "આમાં ગેરશિસ્ત ક્યાં આવી? અમે અસહકાર કરી અમારી જૂની સંસ્થાઓમાંથી બહાર આવ્યા હતા અને એની પાછળ સ્વરાજની લડતમાં ભાગ લેવાની ભાવના હતી. એ હજુ આવ્યું નથી. ત્યાં સુધી અસહકારની લડતના જે કોઈ ઉગ્ર કાર્યક્રમો આવે તેમાં ભાગ લેવાની અમને જો અમારી ફરજ લાગતી હોય તો એમાં ગેરશિસ્ત ક્યાં આવી? કૃપલાણીજીએ કહ્યું કે 'વિદ્યાપીઠમાં પણ તમે એ લડતના મહત્વના અંગરૂપ છો, જે 'અનામત સૈન્ય' કહેવાય એવા તમે છો અને એ રીતે તમે એની શિસ્તથી બંધાયેલા છો, એટલે બીજા એકે કહ્યું અમે ક્યાં ગેરશિસ્ત કરી છે?

વલ્લભભાઈને પૂછીને જ અમે આમાં જોડાયા છીએ. ગૂજરાત વિદ્યાપીઠે અને સાબરમતી આશ્રમના અંતેવાસીઓ રાષ્ટ્રીય આઝાદીના આંદોલનના વિવિધ તબક્કાઓ દરમિયાન જે રીતે ભાગ લીધો તેનું તાદશ્ય વર્ણન કરતા છગનલાલ જોશીએ નોંધ્યું છે કે "ગૂજરાત વિદ્યાપીઠની શરૂઆતમાં મહામાત્ર તરીકે કિશોરલાલ ભાઈ કામ કરતા હતા અને પ્રાથમિક શાળાના નિરીક્ષક તરીકે નરહરિભાઈ કામ કરતા હતા. ઈ.સ.૧૯૨૧-૨૨માં આ નિરીક્ષકનું કામ મને સોંપવામાં આવ્યું. વિદ્યાપીઠના નિરીક્ષકનું કામ કરતો હતો, ત્યારે અસહકારનો જુવાળ ગુજરાતમાં પૂર બહારમાં ફરી વળ્યો અને ખાસ કરીને ખેડા અને સુરત જિલ્લામાં વિદ્યાર્થીઓની વાનરસેનાની સવારી ચારેકોર ગામડા ખુંદવા લાગી હતી."[7] સ્નેહરશ્મિ અને છગનલાલ જોષીની જેમ દિનકરભાઇ મહેતાએ પણ તેમના સંસ્મરણો લખ્યા છે. તેઓ ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક હતા. તેથી ગૂજરાત વિદ્યાપીઠની

રાષ્ટ્રીય લડતની પ્રવૃત્તિઓને સમજવામાં તેમના કેટલાક લખાણો મદદરૂપ થશે. તેઓ નોંધે છે કે "ખિલાફત અને અસહકારના આંદોલનની શરૂઆત થઇ ચૂકી હતી. ઈ.સ.૧૯૨૧માં તેને અંગેની પ્રવૃત્તિઓ સુરતમાં વધવા માંડી હતી સ્વદેશીની પ્રતિતિ તિલક મેદાનમાં પરદેશી કાપડની હોળી, રેંટિયા અને ખાદીનો પ્રચાર, સભા સરઘસો વગેરે પ્રવૃત્તિઓ જોરશોરથી ચાલવા માંડી હતી અને તેમાં હું પૂરા તન મનથી ખેંચાવા લાગ્યો હતો.[8] એપ્રિલ મહિનામાં (ઈ.સ.૧૯૨૮) વિદ્યાપીઠના અમે કેટલાક વિદ્યાર્થીઓ સ્વયંસેવક તરીકે બારડોલી આવી પહોંચ્યા. ત્યાં સુધીમાં તો વાતાવરણ પ્રવૃત્તિથી ધમધમી રહ્યું હતું. રોજ-રોજ સુરતથી, મુંબઈ-અમદાવાદથી, છાપાવાળાઓ આવે નેતાઓ આવે ને નવી નવી વાતો લાવે, ગામડે-ગામડે રોજ સંખ્યાબંધ સભાઓમાં સત્યાગ્રહ માટે ખેડૂતોને તૈયાર કરવામાં આવે. વાયુ વેગે વલ્લભભાઈ પટેલ આ સભાઓમાં પહોંચી ભાષણો કરી પ્રેરણા, શિસ્ત, હિંમત અને ઉગ્ર પણ અહિંસક લડતનું વાતાવરણ ફેલાવે, અમે પણ ગામડે ગામડે ફરતા અને વિગતવાર સંગઠન જમાવાનું કામ કરતા. વલ્લભભાઈના ભાષણોમાંથી અમને ભારે પ્રેરણા મળતી અને અમે જોતા કે ખેડૂતોમાં પણ અજબ ઉત્સાહ અને લડાયક મક્કમતા ફેલાતાં. આખા તાલુકામાં 1000 ઉપરાંત ગામો આ રીતે તૈયાર થયા. આ કાર્યમાં ગૂજરાત ભરમાંથી આગેવાન કાર્યકર્તાઓ મંડી પડ્યા હતા. નરહરિ પરીખ પણ ત્યાં પહોંચી ગયા હતા. આવી લડતમાં ભાગ લેવાનું મારો આ પહેલો જ અનુભવ હતો."[9]

આમ, ઉપર્યુક્ત ત્રણે લેખકો ગૂજરાત વિદ્યાપીઠ સાથે સંકળાયેલા હતા. તેમણે રાષ્ટ્રીય લડતમાં જે પ્રદાન કર્યું તેનું તેમણે નિખાલસ ભાવે નિરૂપણ તેમના સંસ્મરણોમાં કર્યું હતું. હવે જોઈએ ઈ.સ.૧૯૨૦માં વિદ્યાપીઠની સ્થાપના થઈ ત્યારથી શરૂ કરીને ઈ.સ.૧૯૪૭ ભારતને આઝાદી પ્રાપ્ત થઇ ત્યાં સુધી વિદ્યાપીઠના અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને સ્નાતકોએ ગાંધી ચિંધ્યા માર્ગે કામ કર્યું હતું.

**અસહકાર ચળવળ અને ગૂજરાત વિદ્યાપીઠ:-**

ઈ.સ.૧૯૨૦માં ગૂજરાત વિદ્યાપીઠની શરૂઆત જ થઇ હતી. અને વિદ્યાર્થીઓની સંખ્યા પણ ઘણી જૂજ હતી. આમ છતાં પણ રાષ્ટ્રીયતા અંગેની ગાંધીજીએ નૈતિક ભૂમિકા બાંધી આપી હતી. જ્યાં સુધી વિદ્યાપીઠને લાગતું વળગતું હતું, ત્યાં સુધી ગાંધીજીએ અસહકારના આંદોલનના સંદર્ભમાં રેંટિયો અને ખાદી પ્રવૃત્તિ ઉપર જ ભાર મુક્યો હતો. અને કોઈપણ ઉદ્દામવાદી કાર્યક્રમોને જતાં કર્યા હતા. પરંતુ તેનો અર્થ એ નથી કે ઉદ્દામવાદી કાર્યક્રમો રહિત વિદ્યાપીઠના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઓછા રાષ્ટ્રવાદી હતા. વિદ્યાપીઠના શરૂઆતના વર્ષોમાં પણ તેમણે ખાદી અને રેંટિયાનો આગ્રહ રાખીને પરદેશી કાપડની જાહેરમાં હોળીઓ કરી હતી. આ અંગે પ્રજબંધુમાથી નીચે મુજબની રસપ્રદ માહિતી મળે છે. "ગયા રવિવારે (૦૫/૧૦/૧૯૨૧) ગાંધીજીની ૫૩મી જયંતી અમદાવાદમાં અપૂર્વ ઉત્સાહથી ઉજવવામાં આવી દસક્રોઈ તાલુકા સમિતિ તથા ખિલાફત કમિટીએ સૂચવ્યા મુજબ વિદેશી કાપડની ત્રીજી અને છેલ્લી હોળી કરવામાં આવી. તથા શુદ્ધ સ્વદેશી ખાદીમાં સજ્જ થયેલા વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ અધ્યાપકો તેમજ અન્ય શહેરીઓનું ત્રણ માઈલ લાંબુ સરઘસ કાઢવામાં આવ્યું. આ સરઘસમાં સૌથી આગળ ડંકો ટુકડી ત્યારબાદ સાયકલીસ્ટની કોર, સ્વયંસેવકોનું બેન્ડ, વિલાયતી કાપડથી લાદેલી મોટરો તથા બગીઓ, ગૂજરાત

વિદ્યાપીઠ અને ગુજરાત કોલેજના વિદ્યાર્થીઓ, દરબાર બેન્ડ ફરી પાછા વિલાયતી કાપડની મોટર અને ગાડીઓ, સ્વયંસેવકો, વિદ્યાર્થીઓ ખિલાફત કોર, નરોડા સ્વયંસેવક મંડળ, રાષ્ટ્રીય સ્ત્રી મંડળ તથા અન્ય શહેરીઓ હતા. સરઘસ ચારની હારમાં સ્વદેશી ગીતો ગાતું ચાલતું હતું. તેમ જ 'મહાત્મા ગાંધીજી કી જય' બોલતું ચાલતું હતું.[10] આમ, વિદ્યાપીઠના વિદ્યાર્થીઓએ ઈ.સ.૧૯૨૦-૨૨માં રેંટિયા પ્રવૃત્તિ અને પરદેશી માલની હોળી કરવાના કાર્યક્રમો દ્વારા રાષ્ટ્રીય આઝાદીના જંગમાં તેનો પ્રતિસાદ આપ્યો હતો.આમ છતાં વિદ્યાપીઠનું મૂળભૂત લક્ષ્ય તો સ્વદેશી અને ખાદી પ્રવૃત્તિનો પ્રચાર કરવાનું જ રહ્યું હતું.

**નાગપુર ઝંડા સત્યાગ્રહ:-**

અસહકાર બાદ ગૂજરાત વિદ્યાપીઠે 'નાગપુર ઝંડા સત્યાગ્રહ' માં ભાગ લીધો ઈ.સ.૧૯૨૩માં શરુ થયેલા 'નાગપુર ઝંડા સત્યાગ્રહ' ના સર સેનાપતિ કોંગ્રસની કારોબારી સમિતિએ વલ્લભભાઈ પટેલને નિયુક્ત કરીને ગુજરાતનું ગૌરવ વધાર્યું.[11] ડૉ.ચંદુલાલ દેસાઈની ભરૂચની ટુકડી નાગપુર જવા માટે અમદાવાદ આવી ત્યારે એક જાહેર સભામાં તેને વિદાય આપવામાં આવી. અમદાવાદની એક ટુકડી વિદ્યાપીઠના ભાવી સ્નાતક પરિક્ષિતલાલ મઝુમદારના નેતૃત્વ હેઠળ ૧૬મી જુલાઈ ૧૯૨૩ ના રોજ નાગપુર જવા રવાના તહી. અને તેમના બધા સભ્યોને સ્ટેશન પર ઉતરતા જ ગિરફ્તાર કરવામાં આવ્યા.[12] આ પ્રસંગ અંગે વધુ ઝીણવટ ભરી વિગતો આપતા ચંદ્રકાંત પટેલે જણાવ્યું છે કે- "વિદ્યાપીઠને તેની તાલીમનું દૈવત બતાવવાની તક તરત જ સાંપડી. ઈ.સ.૧૯૨૩માં નાગપુરમાં ઝંડા સત્યાગ્રહની લડત શરુ થઇ, એની આગેવાની વિદ્યાપીઠના અગ્રણી અભય સરદાર વલ્લભભાઈ પટેલે સાંભળી અને તેમની મદદમાં પરીક્ષિતલાલ મજમુદાર અને દયાશંકર મ. ભટ્ટ વગેરે ૧૦ સૈનિકોની એક ટુકડી વિદ્યાપીઠે મોકલી, જે નાગપુર સુધી પગપાળા ગઈ. રસ્તામાં આ ટુકડએ બાપુની વાતો અને નાગપુર ઝંડા સત્યાગ્રહનો પ્રચાર કર્યો હતો. તે જ સાલમાં બોરસદ તાલુકાની પ્રજાએ સરદાર વલ્લભભાઈ પટેલની આગેવાની નીચે અંગ્રેજ સરકાર સામે 'હેડિયાવેર' ની લડત ઉપાડી વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ અને સેવકો આ વખતે બોરસદ તાલુકાના ઘણાં ગામો ઘૂમી વળ્યા. સરકારે થોડા જ વખતમાં લોકમત અને લોકસંગઠન સમક્ષ નમતું જોખ્યું. વિદ્યાપીઠની સ્થાપના પછીના ત્રણ જ વર્ષમાં વિદ્યાપીઠે આ નાગપુર ઝંડા સત્યાગ્રહ અને બોરસદની હેડિયાવેરા સામેની લડતમાં સક્રિય ભાગ ભજવ્યો".[13] જે તેની રાષ્ટ્રીય ઉત્થાનની કામગીરીના શ્રી ગણેશ કહી શકાય.

**સાયમન કમિશનનો બહિષ્કાર:-**

ઈ.સ.૧૯૨૮ને ફેબ્રુઆરીમાં જયારે સાયમન કમિશન હિંદમાં આવ્યું તે સમયે ગૂજરાત વિદ્યાપીઠના વહીવટીતંત્રની પુનર્રચના થઇ રહી હતી. પ્રથમ અગ્રીમતા પાશ્ચાત્ય શિક્ષણને આપવી કે રચનાત્ક પ્રવૃત્તિઓને તે બાબતમાં વિદ્યાપીઠમાં તીવ્ર મતભેદો સપાટી ઉપર આવી રહ્યા હતા અને કૃપલાણીની જગ્યાએ ગૂજરાત વિદ્યાપીઠના આચાર્ય તરીકે કાકા સાહેબ કાલેલકર ને સ્થાપિત કરવાની વાતો ચાલી રહી હતી. આવા સંજોગોમાં ગૂજરાત વિદ્યાપીઠ સાયમન કમિશનનો બહિષ્કાર કરવામાં પાછળ પડી ગઈ. આ બાબતમાં ગુજરાત કોલેજે વધુ ઉત્સાહ દાખવ્યો હતો.[14] આમ છતાં ગૂજરાત વિદ્યાપીઠે સાયમન કમિશનના બહિષ્કારમાં ભાગ લીધો. સાયમન કમીશનના બહિષ્કારનો

વિદ્યાપીઠે કરેલા પ્રદાન અંગેની ઘણી વિગતો તે સમયના પ્રજબંધુમાંથી આપેલી છે. જેમની એક નોંધનો ઉલ્લેખ અહિ કરીશું. "અમદાવાદ મ્યુનિસિપાલટીએ પોતાની ઓફીસ અને પ્રાથમિક શાળાઓ બંધ કરવાનો ઠરાવ કરેલો જ હતો. એટલે શાળાઓમાં રજા પાળવામાં આવી હતી. પ્રોપ્રાયટરી હાઇસ્કુલ, નવી ગુજરાતી શાળા, અને ગૂજરાત વિદ્યાપીઠે રાજા પાળી હતી. વિદ્યાપીઠના વિદ્યાર્થીઓના ટોળા બીજી શાળાઓના વિદ્યાર્થીઓને શાળામાં ન જવા સમજાવતા હતા. ગુજરત કોલેજે પણ હડતાલ પાડી જેમાં વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ ભળી ગયા."[15] સાયમન કમિશન અંગે ગૂજરાત વિદ્યાપીઠના નવા નિમાયેલા અધ્યાપક સ્નેહરશ્મિ એ પણ પોતાના અનુભવો ટાંકતા લખ્યું છે કે,-"વિદ્યાપીઠમાં અધ્યાપન કાર્યમાં હું રોજ રોજ વધુ સજ્જતા મેળવવા પ્રયત્ન કરતો હતો. તે દરમ્યાન મુક્તિ સંગ્રામમાં નાની મોટી ભરતી ઓટ આવે જતી હતી. અને તેની અસર હેઠળ અવારનવાર અમે આવતાં. સાયમન કમિશનના બહિષ્કાર વખતના આંદોલનથી વાતાવરણ સારું એવું ખળભળી ઊઠ્યું હતું, અને એમાં વટ કે વિવેક ભૂલી અમે ઉત્સાહપૂર્વક જોડાયા. ગુજરાત કોલેજમાં સાયમન કમિશન જવાનું હતું. તે વખતે અમારામાંથી કેટલાક ગુજરાત કોલેજ સામેની જૂના તિલક છાત્રાલયવાળી ચાલની નજીકના છાપરાં ઉપર ચઢી 'સાયમન ગો બેક'-'સાયમન ગો બેક' ની ગળું ફાટી જાય એવી ચીસો પાડવા માંડ્યા. મારી સાથે સારાભાઇ, કાશી પારેખ અને બીજા પણ થોડા તે વખતના જુવાન કાર્યકરો ઉપરાંત આધેડ વયના પણ હતા. 'સાયમન ગો બેક'ની બૂમો પાડતાં, છાપરાં ઉપર જે થનગનાટથી અમે કુદવા માંડ્યું તેમાં છાપરાનો એક ભાગ કકડભૂસ કરતો તૂટી પડ્યો અને અમે પણ એની સાથે નીચે પટકાયા."[16] આમ, વિદ્યાપીઠ અને તેની સાથે સીધી રીતે સંકળાયેલા લોકો એ પણ સાયમન કમિશન ના બહિષ્કારમાં પોતાનું યોગદાન આપ્યું હતું.

**બારડોલી સત્યાગ્રહ:-**

સાયમન કમિશનના બહિષ્કારની લગભગ સાથે સાથે ઈ.સ.૧૯૨૮માં બારડોલીના ખેડૂત સત્યાગ્રહનું સ્ફોટક અને ઉદ્દામવાદી પ્રકરણ શરૂ થયું. બારડોલીમાં તાલીકાના ખેડૂતોને થયેલા અન્યાય સામે ગુજરાતભરમાંથી લોક્નેતાઓના ટોળેટોળા બારડોલી તાલુકામાં ઉતરી પડ્યા.બારડોલીની લડત પહેલા ગાંધીજી એ તેમનું અને વિદ્યાપીઠનું ધ્યાન મુખ્યત્વે રચનાત્મક પ્રવૃત્તિઓમાં કેન્દ્રિત કર્યું હતું. સમય પારખીને ગાંધીજીએ હવે પૂરા મનથી બારડોલી સત્યાગ્રહની લડતમાં ઝુકાવ્યું.[17] કોઈ પણ સત્યાગ્રહમાં કેવળ રાષ્ટ્રીય જુસ્સો જ કામ આપતો નથી, પરંતુ તેને માટે યોજના, લડતની વ્યૂહ પદ્ધતિ અને ફંડ ફાળાની પણ જરૂર પડે છે. ગૂજરાત વિદ્યાપીઠે આ ત્રણે બાબતોમાં ઉત્સાહથી ભાગ લીધો. વિદ્યાપીઠે ફંડ ફાળો ઉઘરાવવાની બાબતમાં પોતાની ફરજ અદા કરી હતી.[18] બારડોલી સત્યાગ્રહમાં વિદ્યાપીઠના જે વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ જે રીતે ભાગ ભજવ્યો તે સાચે જ પ્રશંસનીય હતો. વિદ્યાપીઠ સાથે સંકળાયેલા બારડોલીના સત્યાગ્રહીઓની યાદી આ મુજબ છે: વલ્લભભાઈ પટેલ, મણીબેન પટેલ, રામનારાયણ પાઠક, દિનકર મહેતા, ભોગીલાલ ગાંધી, રામદાસ ગાંધી, યુ.પૂ.બારોટ, પુરાતન બુચ, ઝીણાભાઈ દેસાઈ, શાંતિલાલ મારફતિયા, જયંતીલાલ પારેખ, મણીલાલા કોઠારી, ઉત્તમચંદ શાહ, મનોહરલાલ મહેતા, નેમચંદ શાહ, નરહરિ પરીખ, મહાદેવભાઈ દેસાઈ, કિશોરલાલ મશરુવાલા અને બળવંતરાય મહેતા.[19]

છગનલાલ જોષી એ નોંધ્યા મુજબ “બારડોલી લડત માટે આ રચનાત્મક કાર્યો માટે સ્વયંસેવકોની જરૂર જણાતા વિદ્યાપીઠ અને આશ્રમમાંથી મહાદેવભાઈ, નરહરિભાઈ જેવા એ બાર બાર માસ સુધી આશ્રમ છોડી બારડોલીમાં થાણા નાંખ્યા હતા.[20]

બારડોલીની લડત વખતે કવિ સુંદરમ અને સ્નેહરશ્મિએ કાવ્યના માધ્યમ દ્વાર લોકોમાં શુરાતન પ્રગટાવ્યું હતું.[21] આ બંને કવિઓ ગૂજરાત વિદ્યાપીઠના જ સ્નાતકો હોઈ તેમના કાવ્યોની કેટલીક કડીઓ આપણે ટાંકીશું:-

“રણ જંગનું નગારૂં, ગંભીર તે વગાડવું,
હીર, હિંદનું જગાડ્યું-
હો ધન્ય બારડોલી
તું ધન્ય બારડોલી

-સુન્દરમ્

“ભૈરવ રવે બારડોલી આજ માગે મોંઘો ભોગ,
ઉઠરે ભારત ઉઠરે યુવક ક્યાંથી આવો ધન્ય જોગ
ક્યાંથી આવો ધન્ય જોગ
ક્યાંથી આવો ધન્ય જોગ
સૈકા વીત્યા, જુગો વીત્યા, વીતીના હજી કાળી રાત,
ક્યાં સુધી વ્હીલે મુખે રેવું ને ક્યાં સુધી કેવી હીન વાત,
કોરસ
ઉઠરે ભારત ઉઠરે યુવક બારડોલી આજ ત્હારે દ્વાર,
દેને દેહ કુસુમ અર્ધ્ય-દેને મોઘી રુધિર ધાર,
દેને મોઘી રુધિર ધાર
દેને મોંઘી રુધિર ધાર

-સ્નેહરશ્મિ[22]

સુન્દરમ્ અને સ્નેહરશ્મિની જેમ દિનકર મહેતા કવિ કે સાહિત્યકાર ન હતા. પરંતુ બારડોલીની લડતને સમયે તેઓ ગાંધીજી પ્રત્યેનો આદર ભાવની દ્રષ્ટિએ સ્નેહરશ્મિ અને સુન્દરમ્ થી કોઈપણ રીતે પાછા પડે તેમ પણ નહોતા. તેમણે પોતાની આત્મકથામાં નોંધ્યું છે કે:-

“દુર રહે રહે હું ગાંધી ભક્ત તો બની જ ગયો હતો. અહી (વિદ્યાપીઠમાં) તો પૂરો રંગાઈ ગયો... ગાંધીજીની સવાર સાંજની પ્રાર્થનાઓમાં હું મગ્ન થઇ જતો.”[23] બારડોલી સત્યાગ્રહમાં વિદ્યાપીઠના જે અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને સ્નાતકોએ ભાગ લીધો તેમાં ૨૧ વર્ષની વયના દિનકર મહેતાનું નામ મોખરાનું હતું. વિદ્યાપીઠના અન્ય વિદ્યાર્થીઓ સ્વયં સેવકો તરીકે બારડોલીની લડત અંગે સરકારે જેલમાં મોકલવાની શરૂઆત ગૂજરાત વિદ્યાપીઠના ત્યારના વિદ્યાર્થી શ્રી દિનકર મહેતાથી કરી. તેમને લડતમાં ભાગ લેવા બદલે સરકારે બે મહિનાની કેદ ફરમાવી. આ અંગે પ્રજા બંધુએ નોંધ્યું હતું કે:- “દિનકર મહેતા બારડોલી સત્યાગ્રહમાં ભાગ લેવા ગયા અને તેઓ સખત ટાઈફોઈડમાં સપડાતાં તેમે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવા પડયાં છે. મગજ ઉપર

થયેલી અસર હજુ દુર થઇ નથી. દરદી દિવસનો કેટલોક સમય શુદ્ધિમાં હોય છે જયારે બાકીનો સમય અડધા ઘેનમાં રહે છે. દરદી ભાનમાં હોય છે ત્યારે ઘણું તોફાન કરે છે. મગજ પરની અસર દૂર ન થાય ત્યાં સુધી જોખમ દૂર થયાનું કહી શક્ય નહિ. દરદીની મુલાકાત લેવાનો ગાંધીજીનો કાર્યક્રમ ચાલુ જ છે. દરદી ડૉ.ફોજદારની જ સારવાર નીચે છે." પ્રજાબંધુએ માત્ર એટલુંજ જણાવ્યું છે કે હોસ્પીટલમાં દિનકર મહેતા અડધા ઘેનમાં રહેતા અને ભાનમાં આવતાં તોફાન કરતાં. પરંતુ ગંભીર માંદગીમાં દિનકર મહેતાની મનોવૃત્તિ શી હતી, ગાંધીજી પ્રત્યેની ભક્તિ કેવી અનન્ય હતી. તેમ જ બારડોલીની લડતના એક અદના સૈનિક તરીકેની પોતાની ભૂમિકાને તેમને કઈ રીતે નિહાળી હતી તે સંબંધી પ્રજાબંધુ મૌન છે. આ કારણથી તેમજ માનોવિશ્લેષ્ણાત્મક ઈતિહાસ (Psycho History) ની દ્રષ્ટીથી આપણે હવે દિનકર મહેતાના અનુભવોમાની એક નોંધ તેમના જ શબ્દોમાં નોંધીશું- "ડોકટરોએ તો મારી આશા છોડી જ દીધી હતી અને કદાચ જીવી જાઉં તો આંધળો થઇ જઈશ એવો દર પણ તેમને લાગતો હતો. પણ મોટા કાકા, પાર્વતીબેન અને ગાંધીજી આશા છોડતા ન હતા. નવી જિંદગી લઈને જાણે હું આવ્યો. ભાન આવતા મારા ઓરડામાં બધાને જોયા અને ઓળખ્યા પછી મને બધાને અંદના આંસુ આવ્યા. મને રોજ જોવા આવનારામાં વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ઉપરાંત મૃદુલાબેન, સરલાબેન, અનસુયાબેન વગેરે પણ હતા. પાર્વતીબેને જે લાગણી અને અથાગ પરિશ્રમ લઈને મારી સારવાર કરેલી તેની ખબર પડતા તેમને માટેનો મારો માતૃભાવ વધુ ઊંડો બન્યો."[24]

**સવિનય કાનૂન ભંગની ચળવળ અને ગૂજરાત વિદ્યાપીઠ:-**

આ ચળવળમાં પણ ગૂજરાત વિદ્યાપીઠનો ફાળો નાનો સૂનો ન હતો. લાહોરમાં જવાહરલાલ નહેરુના અધ્યક્ષ પડે મળેલી કોંગ્રેસની બેઠકમાં ૩૧મી ડિસેમ્બર ૧૯૨૯ની મધરાતે ગાંધીજીએ રજૂ કરેલા પૂર્ણ સ્વરાજના ઠરાવને પસાર કરવામાં આવ્યો. ૨૬મી જાન્યુઆરી ૧૯૩૦નો દિવસ દેશમાં સ્વાતંત્ર દિન તરીકે ઉજવવામાં આવ્યો. આગામી ચળવળ માટે લોકોમાં જાગૃતિ લાવવા સરદાર પટેલે ખેડા જિલ્લાનો પ્રવાસ ખેડ્યો. રાસ ગામે ૦૭-૦૩-૧૯૩૦ ના રોજ સરદારની ધરપકડ થતાં બીજે દિવસે અમદાવાદમાં ભરાયેલી વિરાટ સભામાં નીચે ઠરાવ પસાર કરવામાં આવ્યો. જે આ મુજબ હતો: "અમે અમદાવાદણા શહેરીઓ અમારો નિશ્ચય જાહેર કરીએ છીએ કે, વલ્લભભાઈને જ્યાં લઇ જવામાં આવ્યા છે, ત્યાં અમે જવાને તૈયાર છીએ. જ્યાં સુધી દેશને સ્વાધીનતા પ્રાપ્ત થઈ નથી ત્યાં સુધી અમે જંપીને બેસીશું નહિ અને સરકારને જંપીને બેસવા દઈશું નહિ. અમે અંત:કરણ થી માનીએ છીએ કે, હિન્દુસ્તાનની મુક્તિ સત્ય અને અહિંસાના પાલનમાં રહેલી છે."[25] આ લડતમાં ગાંધીજીનો જુસ્સો કાંઇક અનેરો જ હતો. આવા સંજોગોમાં વિદ્યાપીઠના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉત્સાહથી કામ કરે તે સ્વાભાવિક હતું. વિદ્યાપીઠના કુલપતિ મહત્મા ગાંધીએ ૧૨ માર્ચ ૧૯૩૦ના રોજ અંગ્રેજ સરકાર સામે દાંડીકુચથી શરુ કરીને સવિનય કાનૂન ભંગની લડત આદરી તે દ્રશ્ય અભૂતપૂર્વ હતું. તે દિવસે આશ્રમથી શહેર સુધીનો ચાર માઈલ રસ્તો લોકોના ટોળાથી ભરાઈ ગયો. સવાર થતાંજ ગાંધીજીના ૭૮ ચુનંદા સત્યાગ્રહી સૈનિકો, બબ્બેની હારમાં ગોઠવાઈ ગયા. ગાંધીજીએ સવારે ૬-૨૦ કલાકે પોતાની ટુકડી સાથે કૂચના મંગલાચરણ કર્યા. વિદ્યાપીઠે પણ પૂરી તાકાતથી લડતમાં ઝંપલાવ્યું. વિદ્યાપીઠ મંડળે લડતના સમય માટે કાર્યવાહક

સમિતિની સર્વ સત્તા કુલ્નાયાકને આપીને લડતમાં જોડાવાની જાહેરાત કરી, વિદ્યાપીઠ તરફથી ચાલતા મહાવિદ્યાલય અને વિનયમંદિરને, ઉપરાંત વિદ્યાપીઠને માન્ય એવા ત્રણ કુમાર મંદિરો અને ત્રણ વિનયમંદિરો પણ પોતાનું ચાલુ કામ બંધ રાખીને લડતમાં સાથ આપ્યો. ત્યારે વિદ્યાપીઠમાં કુલ ૪૨ સેવકો હતા. તેમાં ૨૮ સેવકોએ લડતમાં સક્રિય ભાગ લીધો અને તેમાંથી ૧૮ ને સજા થઇ. ૧૬ વર્ષની ઉપરના કુલ ૭૭ વિદ્યાર્થીઓ હતા. તેમાં ૬૫ વિદ્યાર્થીઓ લડતમાં જોડાયા. અને ૪૩ ને સજા થઇ. સજામાંથી બચેલા વિદ્યાર્થી અને સેવકો લાઠીમાર કે શારીરિક ત્રાસમાંથી બચ્યા ન હતા.[26] આ અંગેનો આંખે દેખ્યો અહેવાલ આપતાં પ્રજાબંધુ એ 'સૈનિકોને શુકન' શીર્ષક નીચે નોંધ્યું હતું કે,- "સૈનિકો પોતાને મળેલા ક્રમાંક ૨-૨ ની પંક્તિમાં ગોઠવાઈ ગયા હતા. એ વસમી પળ સમીપ આવતી હતી. વાતાવરણ શાંત – ગંભીર બનતું હતું. પ્રજાના અપૂર્વ વિજયની વચ્ચે મહાત્માજી મેદાનમાં આવ્યા. અને ટુકડીની મોખરે ઉભા રહ્યા. મહાત્માજીને વિદાય આપવા ભેગા મળેલા સમુદાયની સંખ્યા ૨૫ હાજર ઉપર પહોચી ગઈ હતી. અત્રેના જાણીતા મીલ માલિકો શેઠ અંબાલાલ સારાભાઇ અને સર ચીનુભાઈ બેરોનેટ વગેરેના કુટુંબો પણ ત્યાં આવ્યા હતા. સૈનિકોને માટે ધોળી ટોપી પહેરવાનું ફરજિયાત હોવાથી મહાત્માજી સિવાયના બધા સૈનિકોએ ધોળી ટોપી પહેરી હતી. આશ્રમની બહેનોએ અક્ષત કંકુથી સૈનિકોને શુકન કર્યા હતા અને વિજયને વરવા નીકળેલાઓને આંનદથી વિદાય આપી હતી. માનવ સાગર પણ એટલો જ ઉછળતો આવતો હતો, શ્રી મહાદેવભાઈની સૂચના છતાં ઉત્સાહમાં આવેલા સર્વ પ્રજાજનો મહાત્માજીની સાથે ટોળે વળીને દોડવા લાગ્યા હતા. માનવ ભરતીને ખાળવા માટે અને મહાત્માજી ઝડપ ભેર કૂચ કરી શકે તે માટે તેઓની આસપાસ સ્વયંસેવકોએ સાંકળ કરી દીધી હતી....... ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોની પહેલી ટુકડી તારીખ ૧૧મી એ ઉપડી હતી. તે ટુકડી મહાત્માની ટુકડી આગળ વ્યવસ્થા માટે જશે. બીજી ટુકડી મહાત્માજીની ટુકડી પાછળ કૂચ કરે છે. અને મહાત્માજીવાળી ટુકડી પકડાય તો તેઓ કૂચનો કાર્યક્રમ પૂરો કરશે. ત્રીજી ૩૦ વિદ્યાર્થીઓની એક ટુકડી ગયા ગુરુવારે ટ્રેનને માર્ગે ઉપાડી છે. તેના છ વિભાગ કરવામાં આવ્યાં છે. અને તે ગુજરાતના દરેક જિલ્લામાં જશે. દરેક ટુકડી સરદાર વલ્લભાઇના ભરૂચના ભાષણની ચોપડીઓ સાથે ઉપાડી છે. અને ટુકડીના આગેવાનો સરદારના ભાષણના મુખ્ય મુદ્દા પર સ્થળે સ્થળે ભાષાણો આપી સ્વરાજ્ય સૈન્યમાં સ્વયંસેવકોની ભરતી કરશે. બે ટુકડીઓ પ્રચાર કરતી કરતી જલાલપુર પહોંચશે. જો મહાત્માજીની ધરપકડ થાય તો બધી ટુકડીઓને તારથી ખબર અપાશે અને તે બધી અમુક સ્થળે ભેગી મળી સવિનય ભંગ માટે કૂચ કરશે."[27] અહિ એ બાબત સ્પષ્ટ થાય છે કે વિદ્યાપીઠના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એ આ લડતમાં પોતાનું મહત્વનું યોગદાન આપ્યું હતું. વિદ્યાપીઠની આ લડતમાં અભૂતપૂર્વ પ્રદાન હતું. તેના યોગદાનની વિગતો તે સમયના પ્રજાબંધુમાં અને અન્ય વર્તમાનપત્રોમાં નોંધો મળી રહે છે.

**રાસ ગામની લડત ઈ.સ.૧૯૩૦-૩૧:-**

દાંડીકુચની તૈયારી રૂપે ખેડા જિલ્લાના રાસ ગામે વિદ્યાપીઠના અગ્રણી સરદાર પટેલની અંગ્રેજ સરકારે ધરપકડ કરતાં તે ગામે ના કરની લડતમાં ઝંપલાવ્યું, રાસ ગામના લોકોએ આરંભેલી આ લડતને વિદ્યાપીઠે છેક સુધી સાથ આપ્યો હતો. વિદ્યાપીઠના સેવક શ્રી ચુનીલાલ બારોટ અને

તેમના પત્નીએ આ લડત અંગે પ્રસિદ્ધ થતી પત્રિકા 'બોરસદ સત્યાગ્રહ સમાચાર' ના સંપાદક તરીકે સેવા આપી હતી. વિદ્યાપીઠ માન્ય સુણાવના રાષ્ટ્રીય મંદિરના દેસાઈભાઈ પટેલ, વિદ્યાપીઠના સ્નાતકો શિવશંકર શુકલ અને જીવણલાલ ચાંપાનેરીયા આમાં સક્રિય ભાગ ભજવ્યો હતો. નરહરિભાઈ પરીખ, કાકા સાહેબ કાલેલકર, મગનભાઈ દેસાઈ, વિઠ્ઠલદાસ કોઠારી, ગોપાળદાસ પટેલ એ બધા ત્યારના વિદ્યાપીઠના કાર્યકરોએ ત્યારે ગેરકાયદેસર (અંગ્રજ સરકારે તે સમયના રાષ્ટ્રીય લડતને ઉત્તેજન આપતા પ્રકાશનો પર પ્રતિબંધ મુક્યો હતો) પ્રસિદ્ધ થતા 'નવજીવન' ના સંપાદકો બનીને લડતને પોસાવતા લેખો દ્વારા લડતને ઉત્તેજન આપ્યું હતું. નાણા પૂરા પાડવાની વ્યવસ્થા કરવામાં શ્રી શીવાભાઈ ગો.પટેલે ખૂબ જહેમત ઉઠાવી હતી. ગૂજરાત વિદ્યાપીઠે ગુજરતમાં બધે લડત અંગે કાર્યકરો અને સ્વયંસેવકો પૂરા પાડવા પ્રયાસો કર્યા હતા.વિદ્યાપીઠે આ બધા કાર્યકરો શિસ્તબદ્ધ, કાળજીપૂર્વક અને સંગઠિત રીતે કાર્ય કરી શકે તે માટે ખૂબ ચોકસાઈ રાખી હતી.[28] રાસ અને ગુજરાતમાં અન્યત્ર ચાલતી લડતોમાં આર્થિક રીતે ખુવાર થયેલા ખેડૂતોના બાળકોને ભણાવવાનો પ્રશ્ન ઉભો થયો ત્યારે વિદ્યાપીઠે આ માટે ૧૩ જુન ૧૯૩૫ના રોજ કુમાર વિનય મંદિર ફરીથી શરુ કર્યું, તેમાં આરંભમાં ૬૫ માંથી ૩૦ બાળકો તો સત્યાગ્રહી ખેડૂતોના જ હતા, સ્વરાજ્યના સૈનિકોની હિંમત ટકાવવા અને વધારવા ગૂજરાત વિદ્યાપીઠનું આ કઈ નાનુસુનું યોગદાન નહોતું. આ બાબત જ વિદ્યાપીઠના રાષ્ટ્ર નિર્માણના પ્રયાસનું ઉત્તમ ઉદાહરણ કહેવાય.

**હિંદ છોડો ચળવળ અને ગૂજરાત વિદ્યાપીઠ:-**

મુંબઈમાં મળેલી કોંગેસ મહાસમિતિની બેઠકમાં ૮ ઓગષ્ટ ૧૯૪૨ની રાત્રે હિંદ છોડો નો ઐતિહાસિક ઠરાવ પસાર થયો અને આ ચળવળની શરૂઆત થઇ પરતું અહિ આ ચળવળમાં ગૂજરાત વિદ્યાપીઠનું કેટલું યોગદાન હતું એ બાબત તરફ જઈશું.

ગાંધીજીની હાકલને ગુજરાત અને અમદાવાદે સંપૂર્ણપણે વધાવી લીધી. જુલાઈ ઈ.સ.૧૯૪૨માં અમદાવાદમાં રાષ્ટ્રીય વિદ્યાર્થી મંડળ સ્થાપવામાં આવ્યું. છઠ્ઠી ઓગષ્ટ ૧૯૪૨ના રોજ અમદાવાદમાં વિદ્યાર્થીઓની જંગી જાહેર સભા મળી. જેમાં ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ પણ સામેલ હતા.[29] રાષ્ટ્રીય વિદ્યાર્થી મંડળના અગ્રણી બાલકુષ્ણ શુકલે આગામી લડતમાં સંપૂર્ણ સાથ આપવામાં વિદ્યાર્થીઓને હાકલ કરી. જસવંત ઠાકરે 'લોક યુદ્ધ' તરફી ઠરાવ રજૂ કર્યો, જે વિદ્યાર્થીઓની જંગી બહુમતીએ ના મંજુર કરી. વિદ્યાપીઠ અંદોલનના સમયે બંધ હોવા છતાં વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ અવાર-નવાર સરઘસોમાં ભાગ લેતા. જે તેમની રાષ્ટ્ર પ્રત્યેની અનન્ય ભક્તિ અને સંસ્થા તરફથી મળેલા શિક્ષણની અસર કહી શકાય. તા-૧૨-૦૮-૧૯૪૨ના રોજ સરકારે અમદાવાદની જે અનેક નામાંકિત વ્યક્તિઓનો ધરપકડ કરી તેમાં વિદ્યાપીઠના મહામાત્ર મગનભાઈ દેસાઈ અને ભૂતપૂર્વ સ્નાતક ઝીણાભાઈ દેસાઈનો સમાવેશ થતો હતો. ટૂંક સમયમાં જ સરકરે નવજીવન પ્રેસની ઝાદ્તીકારી, તેને સીલ મારી દીધાં અને મણીભાઈ દેસાઈની ધરપકડ કરી.[30] આમ, ગૂજરાત વિદ્યાપીઠે ભારતની આઝાદીની લડતમાં દરેક તબક્કાઓ દરમિયાન પોતાની મહત્વની ભૂમિકા ભજવી હતી.

**ઉપસંહાર:-**

ઈ.સ.૧૯૧૫મા ગાંધીજી દેશમાં આવ્યાં. એમની પ્રભાવશાળી અને આકર્ષણવાળી નેતાગીરીને કારણે ગુજરાત અને હિંદમાં જાગૃતિનો જુવાળ ઉઠ્યો, જેની અસર કેળવણીના વિકાસ પર પણ પડે છે. એમણે કહ્યું 'સમગ્ર રાષ્ટ્રનું ગુજરાત જીવન્ત રાષ્ટ્રીય અંગ બનશે અને રાષ્ટ્રીય ઉન્નતિના ભગીરથ આરંભમાં માનભર્યું સ્થાન લેશે.' ઈ.સ. ૧૯૨૦માં ગૂજરાત વિદ્યાપીઠની ગાંધીજીએ સ્થાપના કરી. તેનો ધ્યેય મંત્ર સા વિદ્યા યા વિમુક્તયે હતો. ગાંધીજીએ આ સર્વાંગી કેળવણી દ્વારા માનસિક, બૌધિક અને તાર્કિક એવી બેઠાડું કેળવણી જ નહિ, પણ શારીરિક, માનસિક, બૌદ્ધિક, ભાવાત્મક તેમજ રાષ્ટ્રીય જીવનને ઉપયોગી અને વ્યવસાયી કૌશલ સાથેની સ્વાશ્રયી કેળવણી આપતો પ્રયોગ કર્યો. જેના ફળ સ્વરૂપ વિદ્યાપીઠે આઝાદીની અહિંસક લડતમાં પોતાનો મુલ્યવાન ફાળો આપવા સમર્થ બની. ગૂજરાત વિદ્યાપીઠ આઝાદીના સમયે સંખ્યાબળની દ્રષ્ટીએ જોઈએ તો નાની સંસ્થા હતી. ઈ.સ.૧૯૨૦ થી ઈ.સ.૧૯૪૭ દરમ્યાન સંજોગો અનુસાર વિદ્યાર્થી અને અધ્યાપકોની સંખ્યા ઉપર અસર પડી હતી. પરંતુ વિદ્યાપીઠનું સ્વત્વ સંખ્યા બળ ઉપર નહિ પણ તેના ધ્યેયો અને આદર્શો ઉપર નભેલું હતું. આ આદર્શો સંપૂર્ણ પણે રાષ્ટ્રીય ભાવનાથી નીતરતા હતા. આ જ કારણથી સ્વાતંત્ર્ય સંગ્રામના વિવિધ તબક્કાઓ દરમ્યાન ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલ જેવા નેતાઓથી શરુ કરીને સ્નેહરશ્મિ અને દિનકર મહેતા જેવા અનેકો યુવા કાર્યકરોએ ઉત્સાહપૂર્વક તેમની ભૂમિકાઓ અદા કરી. આમ સંપૂર્ણ રીતે જોઈએ તો ગૂજરતા વિદ્યાપીઠ ચારિત્ર્ય ઘડતર અને રાષ્ટ્રઉત્થાન માટેની એક ઉત્તમ તાલીમી શાળા હતી, છે, અને રહેશે.

ગુજરાત વિદ્યાપીઠ સત્ય અને અહિંસાના ગાંધીવાદી મૂલ્યો માટે પ્રતિબદ્ધ છે અને ગાંધીજીના આદર્શો અનુસાર દેશના પુન:નિર્માણ માટે તેના વિદ્યાર્થીઓમાં પ્રતિબદ્ધતાની ભાવના લાવવા માંગે છે. આ મહામંત્ર આજ દિન સુધી ગૂજરાત વિદ્યાપીઠ તેની સ્થાપનાની શતાબ્દી વર્ષ ઉજવી રહી છે ત્યારે જાળવીને સાચવીને પ્રગતિના પંથે ચાલતી રહી છે અને હમેશા તેને વળગી જ રહેશે એવું પ્રતીત થઇ રહ્યું છે. ગાંધીજીએ ગૂજરાત વિદ્યાપીઠની બાબતે જે કહ્યું હતું કે- "એક વણિક પુત્ર જો કરી શકતો હોય તો ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરીને મેં એક ઋષિનું કાર્ય કર્યું છે." આ શબ્દોને આજે પણ ગૂજરાત વિદ્યાપીઠે ચરિતાર્થ કરી બતાવ્યા છે.

---

**પાદનોંધ:-**

[1] મજમુદાર, ડૉ.યોગીનીબેન, અહિંસક ક્રાંતિની શોધમાં ગૂજરાત વિદ્યાપીઠ ૧૯૨૦-૪૭, સારસ્વત પુસ્તકાલય, પ્રથમ આવૃત્તિ, ગાંધીનગર, ૧૯૯૮, પૃ-૪૪.

[2] એજન-પૃ-૧૩૯.

[3] એજન-પૃ-૧૩૮.

[4] એજન-પૃ-૧૩૯.

[5] કોઠારી વિઠ્ઠલદાસ, કેળવણી વડે ક્રાંતિ વિદ્યાપીઠનો ત્રીસ વર્ષનો ઈતિહાસ, અમદાવાદ, ૧૯૫૦.

[6] સ્નેહરશ્મિ, સાફલ્યટાણું, મુંબઈ, ૧૯૮૬, પૃ-૧૮૫-૧૮૭.

[7] જોષી છગનલાલ, ગાંધીજીના સાનિધ્યમાં મારી જીવન સાધના, અમદાવાદ, ૧૯૭૮, પૃ-૭૫.

[8] મહેતા દિનકર, પરિવર્તન, અમદાવાદ, ૧૯૬૮, પૃ-૨૪.

[9] એજન-પૃ-૬૩.

[10] પ્રજાબંધુ, ૯-૧૦-૧૯૨૧, પૃ-૨૧.

[11] નવજીવન, ૨૨-૦૭-૧૯૨૩, પૃ-૩૬૯.

[12] શુક્લ જયકુમાર, ૪૨માં અમદાવાદ, અમદાવાદ,૧૯૪૮,પૃ-૧૬-૧૭.

[13] પટેલ ચંદ્રકાંત, રાષ્ટ્રીય આંદોલનમાં ગૂજરાત વિદ્યાપીઠનું પ્રદાન, વિદ્યાપીઠ, જુલાઈ-ઓગષ્ટ, ૧૯૭૪ અંક, પૃ-૨૬.

[14] મજમુદાર ડૉ. યોગીનીબેન, ઉપર્યુક્ત,-પૃ-૧૫૦.

[15] પ્રજાબંધુ, ૦૫-૦૨-૧૯૨૮, પૃ-૨૪-૪.

[16] સ્નેહરશ્મિ, ઉપર્યુક્ત,પૃ-૨૩૯.

[17] મહેતા દિનકર, ઉપર્યુક્ત, પૃ-૬૨.

[18] મજમુદાર ડૉ. યોગીનીબેન, ઉપર્યુક્ત,-પૃ-૧૫૩.

[19] દેસાઈ ઈશ્વરલાલ (સંપા), બારડોલી સત્યાગ્રહ, સુરત, ૧૯૭૦,પૃ-૫૯૧-૬૦૦.

[20] જોષી છગનલાલ, ઉપર્યુક્ત,-પૃ-૧૬૦-૬૧.

[21] પટેલ ચંદ્રકાંત, ઉપર્યુક્ત,-પૃ-૨૭.

[22] મજમુદાર ડૉ. યોગીનીબેન, ઉપર્યુક્ત,-પૃ-૧૫૫.

[23] મહેતા દિનકર, ઉપર્યુક્ત,-પૃ-૪૫-૪૯.

[24] મજમુદાર ડૉ. યોગીનીબેન, ઉપર્યુક્ત,-પૃ-૧૫૬-૧૫૮.

[25] મહેતા કલ્યાણજી અને દેસાઈ ઈશ્વરલાલ, દાંડીકુચ, અમદાવાદ. ૧૯૬૯, પૃ-૮-૧૦.

[26] પટેલ ચંદ્રકાંત, ઉપર્યુક્ત,-પૃ-૮૧.

[27] મજમુદાર ડૉ. યોગીનીબેન, ઉપર્યુક્ત,-પૃ-૧૬૧-૧૬૨.

[28] પાઠક રામનારાયણ નાગરદાસ (સંપા), ખેડા જિલ્લા સ્વાતંત્ર્ય સંગ્રામ ૧૮૭૫ થી ૧૯૪૭, નડિયાદ, ૧૯૭૯, પૃ-૧૫૭-૬૨.

[29] મજમુદાર ડૉ. યોગીનીબેન, ઉપર્યુક્ત,-પૃ-૧૬૭.

[30] એજન-પૃ-૧૬૮.